# દોઢ દાયકામાં મીડિયા કેટલું બદલાયું? અનુભવી પત્રકારનું મંતવ્ય...

જ્યારે મેં રિપોર્ટીંગ શરૂ કર્યું ત્યારે વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી હતા. જ્યારે હું તે ભાજપ-'એનડીએ'[નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ] સરકારને સ્મૃતિમાં લાવું છું ત્યારે સૌ કોઈ ટોચના નેતાઓને મળી શકાતું હતું. તમે તેમનો દૃષ્ટિકોણ જાણી શક્તા અને ઈન્ટરવ્યુ પણ લઈ શક્તા હતા. કોઈ મુદ્દે અસંમતિ હોય તો તે દાખવી શકાતી. મહદંશે કોઈ પણ સરકાર મંતવ્યને દાબી દેવાનો પ્રયાસ કરે છે. આ તેમનું કામ છે અને મીડિયાનું કામ તે પ્રયાસને પાછળ ઠેલવાનું છે. 'યુપીએ'[યુનાઈટેડ પ્રોગ્રેસિવ અલાયન્સ] સરકાર દરમિયાન પણ મીડિયા હાઉસ પર દબાણ રહેતું. તમને ટોચના મંત્રીઓથી એવા સંદેશ મળતો કે, 'સમાચાર-પટ્ટીમાં આ ન્યૂઝ કેમ ચાલી રહ્યા છે?' જેમ કે દાખલા તરીકે 'રાડિયા ટેપ' [ઈન્કમટેક્સ વિભાગ દ્વારા ટોચના ઉદ્યોગપતિ અને સરકારની નીતિઓને પ્રભાવિત કરનારાંઓ વચ્ચે થયેલી વાતચીતની ટેપ]ની વાત લઈએ. તે સમય પણ મીડિયા માટે કંઈ પતાકા લહેરાવી શકાય તેવો નહોતો. 'યુપીએ' સરકાર દરમિયાન અનેક કૌભાંડ થયા અથવા તો તેના આરોપ થયા. પરંતુ અમે તેનું રિપોર્ટીંગ કરવા માટે મુક્ત હતા અને 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ'[ઈડી] અમારા ઘરના દરવાજે આવીને ઊભું રહેશે તેવી કોઈ ભીતિ નહોતી. 'એનડીટીવી' ને ભાજપ-વિરોધી ચિતરવામાં આવી, પરંતુ તે જ 'એનડીટીવી' દ્વારા રોજ રાતરે ટુજી કૌભાંડ, કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ, કોલસા કૌભાંડની સ્ટોરીઝને ખૂબ કવરેજ મળ્યું હતું. નિર્ભયા સામૂહિક બળાત્કારને પણ એ રીતે મીડિયામાં કવર થયો હતો."

દેશના પત્રકારત્વ સંદર્ભે આ વાત એક ઈન્ટરવ્યુમાં જાણીતાં રિપોર્ટર અને ન્યૂઝ એન્કર નિધી રાઝદાન કરી રહ્યાં છે. પત્રકારત્વની દુનિયા છેલ્લા દાયકામાં કેવી રીતે બદલાઈ છે - તેનો તેનો ચિતાર તેમનાં શબ્દોમાં મળે છે. નીધિ રાઝદાન લાંબા સમય સુધી 'એનડીટીવી' ગ્રૂપ સાથે જોડાયેલાં રહ્યાં હતાં. હવે તેઓ 'એનડીટીવી'ના સ્થાપક-પૂર્વ ડિરેક્ટર અને હાલમાં 'ડિકોડર' નામની યૂટ્યુબ ન્યૂઝ ચેલના સ્થાપક પ્રણવ રૉય સાથે સંકળાયેલાં છે. નીધિ રાઝદાને બે દાયકા પૂર્વેના ટેલિવિઝન ન્યૂઝ ચેનલની બુલંદીનો સમય જોયો છે અને હાલ તેઓ યૂટ્યુબ સહિત ટેલિવિઝન ન્યૂઝ ચેનલોનો દોર જોઈ રહ્યાં છે. આ બંને સમય દરમિયાન તેઓ જે વર્ણવી રહ્યાં છે તેમાં જમીન-આસમાનનું અંતર આવી ચૂક્યું છે. આ મુદ્દે તેઓ માત્ર વર્તમાન ભાજપની સરકારની જ વાત નથી કહેતાં; બલકે કૉંગ્રેસ-'યુપીએ' સરકારની પણ અનેક પોલ ખોલી રહ્યાં છે. જેમ કે તેઓ એક પ્રશ્નનાં ઉત્તરમાં જણાવે છે કે, 'પ્રામાણિકપણે કહું તો મનમોહનસિંહ વડાપ્રધાન પદે હતા ત્યારે પણ મીડિયા માટે કેટલીક એન્ટ્રી બંધ કરવામાં આવી હતી. ત્યારે હું મહદંશે વિદેશ મંત્રાલયના ન્યૂઝ કવર કરતી હતી. એક સમય હતો કે હું 'પીઆઈબી' [પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો] નું કાર્ડ લઈને કોઈ પણ અધિકારી કે સેક્રેટરી સાથે વાત કરી શકતી. પરંતુ પછી તે પ્રવેશ મળવાનો બંધ થવા લાગ્યો, એટલું જ નહીં જ્યારે વિદેશના મહેમાન આપણા દેશના પ્રવાસે હોય ત્યારે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં અમે સ્થાનિક પ્રશ્નો પૂછી શક્તા હતા. પહેલાં તો ત્યારે પ્રેસ કોન્ફરન્સ થવી સામાન્ય બાબત હતી. પરંતુ તે પછી 'યુપીએ' સરકારમાં કોઈક રીતે કન્ટ્રોલ આવતો ગયો. પહેલાં તો સ્થાનિક પ્રશ્નો ન પૂછવાની પાબંદી આવી. ઘણી વાર અમારાં પ્રશ્નો અગાઉથી આપવાનું જણાવાયું. તેથી અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા પ્રથમવાર આવ્યા ત્યારે તેમને કેટલાંક સાવ બેહૂદા પ્રશ્ન પૂછાયા. વર્તમાન ભાજપ સરકારમાં ડરની અનુભૂતિ છે. જો હું સરકાર વિરોધી લાગતો કોઈ મુદ્દાને કવર કરું છું તો હું કે મારી સંસ્થાને તેની કિંમત ચૂકવવી પડશે. અને હવે સોશિયલ મીડિયાના યુગમાં કોઈને પણ સરળતાથી રાષ્ટ્રદ્રોહી કે ભારત વિરોધી ચિતરી



શકાય છે.'

નીધિ રાઝદાન 'એનટીડીવી' અને તે સમયના ન્યૂઝ ચેનલોની જે વાત કરી રહ્યા છે; તે સમય એટલે આ સદીની શરૂઆતથી દોઢ દાયકાનો. આ 'એનડીટીવી'નો સુવર્ણ યુગ રહ્યો હતો. તે દરમિયાન આ ચેનલમાં અનેક શ્રેષ્ઠ રિપોર્ટર અને એડિટરોએ કામ કર્યું. નીધિ રાઝદાનને હવે કોઈ અન્ય ન્યૂઝ ચેનલ સાથે જોડાવવું ગમતું નથી. તેઓ કહે છે કે, 'પ્રામાણિકપણે કહું તો જ્યારે મેં 'એનડીટીવી' છોડ્યું પછી અનેક તકો મારી પાસે આવી. પરંતુ મેં આ ઈન્ડસ્ટ્રીઝના સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ - પ્રણવ રૉય અને રાધિકા રૉય - સાથે કામ કર્યું છે. તે અમારાં માર્ગદર્શક હતાં. આજે મોટાં ભાગના જે અગ્ર હરોળના પત્રકારો તમે ટેલિવિઝનમાં જુઓ છો કે પછી અખબારમાં તેમને વાંચો છો તેઓ પ્રણવ રૉયની બ્રોડકાસ્ટિંગ સ્કૂલમાંથી આવ્યા છે. તેથી હું કોઈ અન્ય સાથે કામ કરવાનું વિચારી શકતી નથી. આજની ન્યૂઝ ચેનલ મહદંશે એકબીજાની નકલ કરે છે. તેઓ મોટા ભાગે સરકારના મુખપત્રની જેમ કામ કરે છે. આજના સમયમાં ગણ્યાગાંઠ્યા પત્રકારો સારું કામ કરે છે. તેથી મારાં જેવાંને આવા માહોલમાં કામ કરવાનું મુશ્કેલ લાગે છે, જ્યાં અગાઉથી જ કોઈ બાબતને હકારાત્મક દર્શાવવાનો પ્રયાસ થાય છે અથવા એડિટોરીયલ પોલિસી પહેલાંથી જ નિર્ધારીત છે.'

'એનડીટીવી' છોડ્યાં પછી વર્ષો સુધી નીધિ રાઝદાન સ્ક્રીન પર ન દેખાયાં, હવે તેમને પ્રણવ રૉયની જ યૂટ્યુબ ન્યૂઝ ચેનલ 'ડિકોડર' પર જોઈ શકાય છે. આ ચેનલમાં 'એનડીટીવી' જેવો સ્ટાફ નથી અને તેનું માળખું પણ નાનું છે. આ અંગે જ્યારે તેમને પૂછવામાં આવે છે કે ટેક્નોલોજીમાં પરિવર્તન આવ્યું છે તે કારણે હવે ન્યૂઝ ચેનલના નાના સેટ-અપ કરવા સરળ થયાં છે? જેમ આજે 'ધ વાયર' અને 'ધ સ્ક્રોલ' ચાલી રહ્યા છે. આ વિશે નીધિ રાઝદાન કહે છે કે, 'મને નથી લાગતું કે આ પ્રકારના ઈન્સ્ટિટ્યૂટ કરવા સરળ છે. ડિજિટલ પ્લેટફોર્મ પર ચાલી રહેલાં સ્વતંત્ર પત્રકારત્વનું આકર્ષણ થવું સ્વાભાવિક છે, પરંતુ અમે જાણીએ છીએ કે તેમાં આર્થિક સંઘર્ષ કેટલો છે. તે ચેનલ આગળ પણ વધી રહી છે. મને નથી લાગતું કે મુખ્યધારાની ટેલિવિઝન ન્યૂઝ ચેનલ ખોવાઈ જશે. લોકો આ ચેનલોને હજુય જોવાનું પસંદ કરે છે; વિશેષ કરીને ચૂંટણી જેવો માહોલ હોય ત્યારે. કોવિડ દરમિયાન લોકો ટેલિવિઝન તરફ પાછા વળ્યા હતા કારણ કે તેમને વધુ માહિતી જોઈતી હતી. હજુ પણ તે ખૂબ મહત્ત્વનું માધ્યમ છે. પરંતુ હવે અન્ય પ્લેટફોર્મ માટે જગ્યા બની છે. હવે લોકો માત્ર એક ચેનલ કે અખબારથી જ ન્યૂઝ નથી મેળવતા. હવે તેમની પાસે ખૂબ વિકલ્પ છે.'

આ પૂરી ચર્ચા 'ફ્રન્ટલાઈન' મેગેઝિનના વેબ પોર્ટલ પર જોવા અને વાંચવા મળશે. આ ચર્ચા દરમિયાન એક સેન્ટર પોઈન્ટ અંગે નીધિ રાઝદાન કહે છે કે, 'મુખ્ય મુદ્દો મીડિયા હાઉસની માલિકીનો છે. આ માત્ર આપણા દેશમાં નથી થઈ રહ્યું. બલકે તમે 'વોશિંગ્ટન પોસ્ટ'ને જુઓ. હાલમાં તેમાંથી સ્ટાફની છટણી થઈ છે. મૂડીપતિઓ મીડિયા હાઉસને ખરીદી રહ્યા છે. તો હવે સ્વતંત્ર રીતે મીડિયા કેવી રીતે થઈ શકે? તે માટે લોકોએ સારાં ન્યૂઝ જોવા-વાંચવા માટે તેને સબસ્ક્રાઈબ કરવું જોઈએ. આપણા દેશમાં આ રીતે ન્યૂઝ જોતા-વાંચતા કરવા તે હજુય પડકાર છે. 'ન્યૂઝલોન્ડ્રી' આવું કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ તે સરળ નથી. લોકો ન્યૂઝ માટે પૈસા આપવા તૈયાર નથી. જો તેઓ વોટ્સઅપ સારાં આર્ટિકલ માટે સો રૂપિયા ચૂકવવાના થશે, તો તેઓ ચૂકવણી કરશે નહીં, ભલે પછી તે મહેનતથી થયેલી ઈન્વેસ્ટિગેટિવ સ્ટોરી કેમ ન હોય. તેઓ પીડીએફ અને સ્ક્રીન શોટની વાટ જોશે. તેઓ પૈસા ચૂકવવા સિવાય બધું જ કરશે.'



**ડિજિટલ પ્લેટફોર્મ પર ચાલી રહેલાં સ્વતંત્ર પત્રકારત્વનું આકર્ષણ થવું સ્વાભાવિક છે, પરંતુ અમે જાણીએ છીએ કે તેમાં આર્થિક સંઘર્ષ કેટલો છે**

ન્યૂઝ ટેલિવિઝન ચેનલ પર દર્શકો સાથે કેવી રીતે રમત થાય છે તેની પણ નીધિ કરે છે. તેઓ કહે છે કે, 'હાલમાં સરકાર ન્યૂઝ સંબંધિત કન્ટેન્ટ પર ખૂબ કડક નિયંત્રણ રાખે છે. વિવિધ મંત્રાલય અને ખૂબ ઉપરના સ્તરે પણ વ્હોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવ્યા છે. આ ગ્રૂપમાં આવતી માહિતીને 'સ્ત્રોત'ના નામે શૅર કરવામાં આવે છે અને તે પછી આ માહિતીની કોઈ સ્વતંત્ર રીતે તપાસ કર્યા વિના રિપોર્ટર - એન્કર તેને બયાન કરે છે. આવું બયાન પ્રસારીત કરતી વેળાએ ન તો રિપોર્ટર-એન્કર તેમના વિવેકને અનુસરે છે, ન તો માહિતી ક્યાંથી આવી તેની તપાસ કરે છે. બસ, તેઓ એક સ્ટેનોગ્રાફરની રીતે માહિતીને પ્રસારીત કરી દે છે. તેમની પાસે કોઈ વિકલ્પ નથી, પણ મારું વ્યક્તિગત રીતે માનવું છે કે પત્રકાર પાસે હંમેશા વિકલ્પ હોય છે.'

નીધિ રાઝદાને આવી ઘણી વાતો કરી છે તેમાંથી ટૂંકાવીને અહીંયા રજૂ કરી છે. સંપૂર્ણ ઈન્ટરવ્યુ 'ફ્રન્ટલાઈન'ના વેબ પોર્ટલ પર વાંચવા મળે છે.

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે



# દિલ માંગે 'મોટિવેશન': હાલો રે સફળ થઈએ

**ટાઇટલ્સ: સલાહ ને ગાળ, બીજાને આપવામાં સહેલી. (છેલવાણી)**

બોબી ભણવામાં સાવ 'ઢ', વર્તનમાં મૂરખ ને સ્કૂલમાં બાળકોનું મજાકનું પાત્ર. રોજ ઘરે આવીને ફરિયાદ કરે. એક દિવસ એની મમ્મી, ટીચરને મળી ત્યારે ટીચરે સાફ સાફ સંભળાવ્યું, "તમારો દીકરો સાવ બાઘો છે. લાઇફમાં એનું કંઇ નહીં થાય." પણ મા, મા હોય છે. માનવા તૈયાર જ ના થઇ. બોબીને સતાવતા તોફાની મિત્રોથી અને સ્કૂલથી દૂર કોઇ બીજા શહેરમાં લઇ ગઇ અને એને મોટો કર્યો.

એ વાતને 25 વરસ વીત્યાં. પછી એ સ્ત્રીને હાર્ટ-એટેક આવ્યો, હોસ્પિટલમાં ઓપરેશન થયું ને બચી ગઇ. આઇ.સી.યુ.માં એ સ્ત્રીને તપાસવા, હેંડસમને સ્માર્ટ ડોક્ટર આવ્યો. એને જોતાં જ સ્ત્રીની આંખમાં આંસુ આવી ગયા ને બોલી, 'બેટા...' એવામાં અચાનક સ્ત્રીનું આખું શરીર ભૂરું પડવા માંડ્યું, શ્વાસ રુંધાવા લાગ્યો ને જોતજોતામાં ગુજરી ગઇ! એક્ચ્યુઅલી, હોંસ્પિટલમાં કામ કરતા કર્મચારીએ વેંટિલેટરનું પ્લગ કાઢી નાખીને ત્યાં વેક્યુમ ક્લિનર લગાવ્યું એટલે સ્ત્રી ઉકલી ગઇ અને એ કર્મચારી એટલે બીજો કોઇ નહીં પણ એનો મૂરખ પુત્ર, બોબી હતો! સાચું કહેજો, એક પળ માટે તમને એમ જ લાગ્યુંને કે પેલો ડોક્ટર, 'બોબી' જ છે? જો જવાબ 'હા'માં હોય તો તમે વધારે પડતી મોટિવેશનલ વાતો સાંભળો છો કે ડાહી ડાહી વાતોના ચાહક છો.

મિજાજ મસ્તી
સંજય છેલ

આજકાલ મહાજ્ઞાન-ગુરૂ 'મોટીવેશનલ સ્પીકરો' બહુ ડેડલી ડિમાન્ડમાં છે. લોકોને રેડીમેડ પ્રેરણાંના પડીકાં બહુ ગમે છે. વળી આપણે ત્યાં મોટિવેશન કે પ્રેરણાની પરંપરા છે. ભગવાન રામ જ્યારે ડિપ્રેશનમાં હતા ત્યારે વશિષ્ઠ મુનિએ એમને સમજાવેલાને એ ગ્રંથ એટલે 'યોગ વશિષ્ઠ'. જગતના સૌથી મોટા મોટિવેશનલ સ્પીકર, ભગવાન કૃષ્ણે, કરૂક્ષેત્રમાં અર્જુનને 'ગીતાજ્ઞાન' આપ્યા પછી કહેલું કે 'યથેચ્છસિ તથા કુરુ' એટલે 'હવે યોગ્ય રીતે વિચારીને જેમ ઇચ્છે તેમ કર!' આ છે, સો વાતની એક વાત.

ઇંગ્લેન્ડમાં એક ગામના પીટરને પોતાનું ઘર બનાવવું હતું. એ પાદરી પાસે ગયો, જે સલાહો આપવામાં એકદમ એક્સપર્ટ. પાદરીએ, પીટરને એક પુસ્તક આપીને કહ્યું: 'આ ગ્રંથમાં દિશા, હવામાન અને વાસ્તુ વગેરે વિશે ઘર બનાવવાની આખી પદ્ધતિ છે. આને વાંચીને ઘર બનાવ.'

પીટરે પુસ્તક પ્રમાણે ઘર બનાવ્યું અને મિત્રો માટે પાર્ટી રાખી અને ઘરની બહાર, નામનું પાટિયું લગાવવા જેવી પહેલી ખીલી ઠોકી કે આખું ઘર ધડામ દઇને પડી ગયું! પીટરની તો ગામમાં ફજેતી થઇ. એ ગુસ્સામાં પાદરી પાસે ગયોને ફરિયાદ કરી. પાદરીએ વિચારીને કહ્યું: "હં..એ પુસ્તક વિશે મને પહેલેથી જ શંકા હતી. સારું થયું, તેં મારી આંખ ખોલી નાખી."

**ઈંટરવલ:**
**હમ બોલેગા તો બોલોગે કિ બોલતા હૈ! (કસૌટી-ફિલ્મ)**

માન્યું કે અમુક કાબેલ પ્રેરણાદાયી વક્તાઓ હશે જે અટવાયેલા જીવનને યુ-ટર્ન આપી શકે પણ આજકાલ તો મોટિવેશનલ સ્પીકર્સનો રીતસરનો રાફડો ફાટ્યો છે. પૈસાદાર બનવું છે? સંબંધો સુધારવા છે? જીવનમાં આગળ આવવું છે? અમે શીખવીશું! આ આખો ખેલ ખતરનાક રીતે ડિઝાઇન થાય છે. મારા એક મિત્ર, 'પૈસા કેવી રીતે કમાવા?' એ માટે 100 રૂ. ભરીને એક મોટિવેશનલ સ્પીકરના ઓનલાઇન વેબિનારમાં જોડાયો. એમાં અધ્યાત્મની, સાયકોલોજીની, 'લો ઓફ એટ્રેક્શન'ની ગૂઢ વાતો કરવામાં આવીને છેલ્લી 10 મિનિટમાં 10,000 રૂપિયાનો બીજો કોર્સ એને ઓફર કરવામાં આવ્યો!

મારા ટેલેન્ટહીન મહત્વાકાંક્ષી મિત્ર પાસે પૈસા નહોતા એટલે જ તો પૈસા કમાવાની ટેકનિક શીખવા માગતો હતો. હવે કરે શું? પછી એણે ઉછીના પૈસે 3 દિવસના 10,000 રૂ. આપી, રોજનાં 8 કલાકનો બીજો ઓનલાઈન કોર્સ કર્યો. એમાં જાતજાતની રમતો રમાડવામાં આવી. વિવિધ થેરાપીઓની વાત થઇ. ત્રીજે દિવસે. છેલ્લા 1 કલાકમાં ત્રીજા એડવાન્સ કોર્સની ઓફર કરવામાં આવી, 'તમે 50,000રૂ.નો કોર્સ જોઈન કરો. જેમાં 1 વર્ષ શનિ-રવિમાં તમને શીખવવામાં આવશેને પછી તમે લાખો રૂપિયા કમાશો.'

મારા મિત્રે પૂછ્યું, 'પહેલાં તમે 10,000 રૂ. કમાતા તો શીખવાડો!'

તો મહાગુરૂ દ્વારા મોટિવેટ કરીને કહેવામાં આવ્યું: 'પહેલા ઇન્વેસ્ટ કરો પછી જ કમાઇ શકો. તમે મોંઘી ગાડીમાં ખર્ચો કરો છો તો તમારી જાત પાછળ ખર્ચ નહીં કરો? તમારી કિંમત કંઇ ગાડીથી ઓછી છે?'

બિચારો મારો ફ્રેન્ડ, 50,000ની વ્યવસ્થા કરવામાં પડ્યો. મેં સમજાવ્યું, 'તું કમાવાનું શીખવા ગયો હતો પણ કમાઇ તો એ લોકો રહ્યા છે. તારે કમાવું જ હોય તો એમની સાથે જોડાઇ જાને તું જ મોટીવેશનલ સ્પીકર બનીને કમાવા માંડ!'

મિત્રએ કહ્યું, 'હું યે એટલે જ ગયેલો પણ એના માટે પહેલા સેમિનારની ફી 1 લાખ રૂ. છે. પછી બીજા સેમિનારની 10 લાખ અને ત્રીજા એડવાન્સ કોર્સના 25 લાખ ફી છે!" ઇન શોર્ટ, આમાં પૂરો કોર્સ કરીને કોઇ કમાય કે નહીં પણ શીખવનારા લાખોમાં આળોટે. એ લોકો 'હાઉસફુલ સેમિનાર'ની ભવ્ય-રમ્ય તસવીરો બતાવે અને કોર્સથી ફાયદો મેળવનારા 2-4 લોકોને રજૂ કરીને ભોળાઓને ભરમાવે.

**માન્યું કે અમુક કાબેલ પ્રેરણાદાયી વક્તાઓ હશે જે અટવાયેલા જીવનને યુ-ટર્ન આપી શકે પણ આજકાલ તો મોટિવેશનલ સ્પીકર્સનો રીતસરનો રાફડો ફાટ્યો છે, પૈસાદાર બનવું છે? સંબંધો સુધારવા છે? જીવનમાં આગળ આવવું છે? અમે શીખવીશું!**

પહેલા આપણે ત્યાં સંયુક્ત કુટુંબો હતાં. ત્યારે દાદા-દાદી જ મોટિવેશનલ સ્પીકર હતા. ઘરમાં રોજ રાત્રે મોટીવેશનનું સેશન લેવાતું. આખા દિવસની પ્રવૃત્તિ સાંભળીને સૌની ખામીઓ સુધારવાની વન-ટુ-વન ટ્રેનિંગ ચાલતી. હવે વિભક્ત કુટુંબો બન્યા પછી માનસિક સધિયારાની સમસ્યાઓ વકરી છે અને સ્માર્ટ મોટિવેશનલ વક્તાઓની બોલબાલા વધી છે. પહેલાં ગામેગામ કથા-કીર્તન કરનારા નાનામોટાં કથાકારો મુશ્કેલીમાં લોકોને માર્ગદર્શન સાથે મોટીવેશન આપતા અને સામાન્ય લોકોને માનસિક રાહત મળતી રહેતી ,પણ હવે મોડર્ન સમાજમાં લોકોને રેડીમેડ જ્ઞાનની ચાવી જોઇએ છે, પણ તાળું ક્યાં છે એની જ કોઇને ખબર નથી.

**ઍંડ-ટાઇટલ્સ:**
**આદમ: એક સલાહ આપું?**
**ઇવ: આ નહીં, બીજી કહે.**

# વૈભવ સૂર્યવંશીનું ડેબ્યુ ક્યારે?
## 15 વર્ષના બાળકને રાહ જોવડાવવામાં કોણ મજા લઇ રહ્યું છે

ક્રિકેટ ક્ષેત્રે યુવા ખેલાડીને વૈશ્વિક ફલક પર અટવાઈ જવાથી બચાવવા અને તેમની રિધમને સક્રિય રીતે રોકવા વચ્ચે એક પાતળી ભેદ રેખા છે. આયર્લેન્ડમાં ઐતિહાસિક 0-2 સીરિઝની હારથી બુધવારે ડરહામમાં ઈંગ્લેન્ડ સામેની પહેલી T20I સુધી 15 વર્ષીય બેટિંગ સેન્સેશન વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખીને બેન્ચ પર બેસાડવાનો નિર્ણય કરનાર ભારતીય ટીમ મેનેજમેન્ટે ઉગ્ર ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા લોકો માટે, દેશના સૌથી વિસ્ફોટક યુવા બેટ્સમેનને બરફ પર રાખવો એ વહીવટી ડરપોકતા જેવું લાગે છે. છતાં, જેમ જેમ ઓનલાઈન ચર્ચા ઝેરી બનતી જાય છે, તેમ તેમ આધુનિક રમતના વાસ્તવિકવાદીઓ તરફથી એક મહત્વપૂર્ણ પ્રતિ-કથા ઉભરી આવી છે કે ગુણવત્તાયુક્ત શાસનમાં, તમે સ્થાપિત ખેલાડીઓને કેવી રીતે છોડી શકો છો જેમણે તેમની પાસેથી જે કંઈ માગવામાં આવ્યું છે તે બધું જ કર્યું છે?

સૂર્યવંશીની બાદબાકીને કારણે થયેલી હતાશા સંપૂર્ણપણે સમજી શકાય તેવી છે. યુકે પ્રવાસની પૂર્વસંધ્યાએ, બેટિંગ કોચ સિતાંશુ કોટકે સંકેત આપ્યો હતો કે મેનેજમેન્ટ વર્તમાન બેટિંગ હરોળને ખલેલ પહોંચાડવા માંગતું નથી, આ રૂઢિચુસ્ત ભાવના કેપ્ટન શ્રેયસ અય્યરે પણ વ્યક્ત કરી હતી. ટીકાકારોએ તરત જ આયર્લેન્ડ સીરિઝ તરફ ધ્યાન દોર્યું, જે ઐતિહાસિક રીતે બેન્ચ સ્ટ્રેન્થ ચકાસવા માટે આદર્શ કેનવાસ હતી, જેને ચૂકી ગયેલી તક તરીકે ગણાવી. દિગ્ગજ બેટ્સમેન અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે પણ આ ખચકાટ પર હતાશા વ્યક્ત કરીને ટીમ ઈંગ્લેન્ડ પહોંચે તે પહેલાં નોંધ્યું હતું કે એક મહિનાથી, હું કહી રહ્યો હતો કે વૈભવ સૂર્યવંશી તેના ફોર્મને કારણે બંને મેચ રમી શક્યો હોત, જો તમારે કોઈ યુવાન ખેલાડીને અજમાવવાનો હોય, તો આ બે મેચ આદર્શ તક હતી.

ખેલખેલમેં

ડરહામ મેચ બાદ, ગાવસ્કરે ચેતવણી આપી હતી કે ડેબ્યૂમાં વિલંબ કરવાથી આ કિશોર પર દબાણ વધશે, જે હવે જાણે છે કે જ્યારે તેને રમાડવામાં આવશે ત્યારે તેણે લગભગ તરત જ પ્રદર્શન કરવું પડશે. ઈંગ્લેન્ડમાં સીરિઝની શરૂઆતની T20I વરસાદને કારણે પરિણામ વિના સમાપ્ત થયા પછી સોની સ્પોર્ટ્સ પર વાત કરતા, ગાવસ્કરે કહ્યું કે જ્યારે પણ તેને તક મળશે ત્યારે તેના પર વધુ દબાણ આવશે. પરંતુ 15 વર્ષની ઉંમરે, તમે દબાણ વિશે વધુ વિચારતા નથી. તે જાણે છે કે જો તેને બીજી કે ત્રીજી મેચમાં તક મળશે, તો તેણે લગભગ તરત જ પ્રદર્શન કરવું પડશે.

**15 વર્ષીય પ્રતિભાશાળી વૈભવ સૂર્યવંશીને આયર્લેન્ડ પ્રવાસમાં બેન્ચ પર બેસાડી રખાયો અને હવે ઇંગ્લેન્ડમાં પણ એવું જ થઇ રહ્યું છે, ત્યારે ટીમ મેનેજમેન્ટના આ નિર્ણયને પગલે ભારતના ક્રિકેટ નિષ્ણાતો તેમજ ક્રિકેટ ચાહકો દ્વારા ટીકા કરવામાં આવી રહી છે કે આ યુવા સનસનાટીને જો રમાડવો જ નથી તો ટીમમાં પસંદ શા માટે કર્યો**

હાલમાં બેટિંગનો ગઢ સંભાળી રહેલા ખેલાડીઓનો વિચાર કરો. ગયા T20 વર્લ્ડકપ સાયકલની શરૂઆતથી, અભિષેક શર્માએ 193 ના આકર્ષક સ્ટ્રાઈક રેટથી 1,500થી વધુ T20 રન બનાવ્યા છે સંજુ સેમસન ભલે ત્રણ મેચની મંદીનો સામનો કરી રહ્યો હોય, પરંતુ આ પહેલા તેણે T20 વર્લ્ડકપના નોકઆઉટમાં સર્વકાલીન શ્રેષ્ઠ ઈનિંગ્સની હેટ્રિક કરી હતી. તે પછી ઈશાન કિશન છે, જે T20 વર્લ્ડકપ પહેલા ટીમમાં પાછો ફર્યો ત્યારથી સતત પ્રદર્શન સાથે T20I રેન્કિંગમાં નંબર વન પર પહોંચી ગયો છે. બે વર્ષ પહેલાં ટીમમાંથી બહાર થયા પછી, ઈશાને સૈયદ મુશ્તાક અલી અને વિજય હજારે ટ્રોફીના કઠોર ઘરેલુ સંઘર્ષમાંથી બહાર નીકળીને ટીમમાં વાપસી કરી છે. કેપ્ટન શ્રેયસ અય્યર અને કોચિંગ સ્ટાફ કહે છે કે થોડી નિષ્ફળતાઓ પછી આ ક્ષમતા ધરાવતા ખેલાડીઓને નિર્દયતાથી કાઢી મૂકવાથી ડ્રેસિંગ રૂમનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે તૂટી જશે, એક ઝેરી વાતાવરણ બનશે જ્યાં ખેલાડીઓ પોતાને વ્યક્ત કરવાની સ્વતંત્રતાને બદલે અસ્તિત્વના ડરથી પ્રદર્શન કરશે.

બુધવારે ડરહામમાં સંજુ સેમસન નિષ્ફળ ગયા પછી તેણે યુકે પ્રવાસ પર ત્રણ ટી20 મેચમાં ફક્ત છ રન બનાવ્યા છે, અને સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ દલીલ કરી છે કે સેમસનને વૈભવ સૂર્યવંશી માટે રસ્તો આપવો જોઈએ. જો કે કેટલાક માને છે કે વૈભવને રમાડવાની જરૂર તો છે પણ કોઈને પડતો મૂકવાના ભોગે નહીં. જો તમે તેને તક આપવા માંગતા હો, તો તે ઠીક છે. પરંતુ તમારે ભારતના ટોચના ત્રણ ખેલાડીઓમાંથી કોઈને પડતો ન મૂકવો જોઈએ, પછી ભલે તે સંજુ, અભિષેક કે ઈશાન કિશન હોય. વૈભવ સૂર્યવંશીના આગમનથી ડ્રેસિંગ રૂમમાં કોઈ ભય પેદા થવો જોઈએ નહીં. આ યુવા ખેલાડીને એવા અનુકૂળ વાતાવરણની જરૂર છે જ્યાં તે ન તો પરંપરાગત બેટ્સમેનો દ્વારા ખતરો અનુભવે કે ન તો હાલના ક્રમ સક્રિય રીતે ખતરો અનુભવે. છતાં, ડ્રેસિંગ-રૂમ સ્થિરતાની માન્યતા સ્વીકારવાથી મેનેજમેન્ટ સંપૂર્ણપણે મુક્ત થઈ શકતું નથી. તે ફક્ત આપણને અંતિમ, અનિવાર્ય પ્રશ્ન તરફ દોરી જાય છે: જો પેકિંગ ઓર્ડર આટલો જ અડગ હતો, તો 15 સભ્યોની ટીમમાં વૈભવ સૂર્યવંશીની પસંદગી શા માટે? અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ ખુલ્લેઆમ સ્વીકાર્યું કે સૂર્યવંશીના પ્રદર્શનને કારણે તેને અવગણી શકાય નહીં. તે હાલમાં T20 ક્રિકેટમાં સૌથી વિનાશક ઓપનિંગ બેટ્સમેન છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કાલ્પનિક લીગ રમતની જેમ ચલાવી શકાય નહીં જ્યાં ખરાબ પ્રદર્શન કરનારા ખેલાડીઓને તાત્કાલિક બદલી નાખવામાં આવે છે, અને ટીમ સંસ્કૃતિનું રક્ષણ કરવું સર્વોપરી છે. પરંતુ એ જ રીતે, જો નિર્વિવાદ, વિશ્વ-સ્તરીય ફોર્મને ડગઆઉટમાં બેસવાની ફરજ પાડવામાં આવે તો મેરિટોક્રેસી કાર્ય કરી શકતી નથી. જો નેતૃત્વ ખરેખર માનતું હોય કે પંદર વર્ષના બાળકને આંતરરાષ્ટ્રીય રમતના તીવ્ર ઝગમગાટમાં ઉતારવું એ અકાળ વાત છે, તો તેમણે તેને ફક્ત બેન્ચ પરથી રમત જોવા માટે ડ્રાફ્ટ કરવાને બદલે સ્થાનિક ક્રિકેટ પર પ્રભુત્વ મેળવવા માટે છોડી દેવું જોઈતું હતું.

